# જન્મદિને વધામણી



રોહિતકુમાર પી મહેતા
મો. ૯૮૨૪૦ ૨૫૭૪૮



બીજલ દવે
મો. ૯૪૦૯૫ ૪૧૫૦૯



કિશોરસિંહ એમ ગોહિલ
મો. ૯૮૨૫૩ ૧૨૭૫૨



ઋષિ પિયુષભાઈ જોષી
મો. ૯૮૨૫૦ ૬૦૮૯૧



જિજ્ઞેશ બાબુભાઈ પ્રજાપતિ
મો. ૯૬૬૨૦ ૪૧૯૮૫



પ્રથમ સંજયકુમાર દરજી
મો. ૯૮૨૪૦ ૪૦૮૧૨



દક્ષાબેન સતીશકુમાર ઠાકર
મો. ૯૪૨૭૯ ૬૯૭૦૦



હેનીલ જે પ્રજાપતિ
મો. ૯૮૨૫૩ ૯૭૧૦૮



પ્રીતી તપન મહેતા
મો. ૯૮૭૯૫ ૨૫૭૪૮



નવનીતભાઈ પી લવિંગીયા
મો. ૯૯૭૮૪ ૦૫૬૦૧



ચાર્વાક એસ શાહ



પ્રિન્સી તેજસભાઈ લવિંગીયા
મો. ૯૮૯૮૦ ૪૬૨૧૬

## આર સી પટેલ સ્કૂલમાં ૧૦૮ની સેવાઓ અંગે સમજ અપાઈ

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત સરકારની ઈમર્જન્સી સેવા પૈકીની એક એવી '૧૦૮'ની ટીમે શ્રીમતી આર સી પટેલ સ્કૂલની મુલાકાત લીધી હતી, જેમાં વિદ્યાર્થીઓને ૧૦૮ની સેવાઓ અને અંદરની સુવિધાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. સરકારી અધિકારી રાકેશભાઈ સોલંકી, બળવંતભાઈ દરજી, દિલીપસિંહ વાઘેલા, સ્કૂલના પ્રિન્સિપાલ તેમજ શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતાં.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# શિક્ષણ-ઉચ્ચ શિક્ષણની જરૂરિયાત અંગે બીસીએ કૉલેજમાં વક્તવ્ય યોજાયું





ગાંધીનગર, તા. ૩૧

કડી સર્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝ-બીસીએના વિદ્યાર્થીઓ માટે જીવનમાં શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણની જરૂરિયાત વિષયે જે સી પટેલનું વક્તવ્ય યોજવામાં આવ્યું હતું.

પોતાનું વક્તવ્ય આપતાં જાણીતા ઉદ્યોગપતિ અને મોટીવેશનલ સ્પીકર જે સી પટેલે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે આજના વિદ્યાર્થીઓએ પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને જગાડવા માટે તનતોડ મહેનત કરવી પડશે. પોતાની લાગણીઓ અને ક્રોધ, ઈર્ષા, અહમ જેવા નકારાત્મક વિચારોથી દૂર થઈને પોતાના મનને સકારાત્મક વિચારો અને લાગણીઓથી ભરી દઈને આગળ આવવું પડશે. સ્પર્ધાત્મકતાના આ પ્રવાહમાં વિદ્યાર્થીઓએ પોતે આગળ આવવા માટે પોતાના મન પર કાબૂ રાખવો ખૂબ અગત્યનું થઈ પડ્યું છે તેવું સમજાવતાં તેમણે પોતાના મન પર જીત મેળવવાની કેટલીક ટેકનીક વિદ્યાર્થીઓને શીખવી હતી.

વક્તવ્યની શરૂઆતમાં તેમણે પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધાસુમન માટે મૌન રખાવ્યું હતું અને અંતિમ ભાગમાં વિદ્યાર્થીઓનાં મનની એકાગ્રતા કેળવાય તે માટે કેટલીક યૌગિક ક્રિયાઓ પણ કરાવી હતી.

આ સેમિનારનો લાભ બીસીએ સેમેસ્ટર-૧ના ૩૫૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રૉ. જૈમિની કુલકર્ણી દ્વારા કરવામાં આવ્યું હતું.

કૉલેજ દ્વારા સમયાંતરે ચાલતા વર્કશૉપ અને સૅમિનારના આ તૃતિય સેમિનારનું આયોજન કૉલેજના ડિરેક્ટર ડૉ. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ પ્રૉ. ભાવના પટેલ અને પ્રૉ. બીજલ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

એકવાર ઘર સળગી ગયું.

અનેક લોકો પૂછવા આવ્યા ને ખરખરો કરીને ગયા.

એક મિત્ર આવ્યો. એણે પૂછ્યું, 'શું સળગ્યું છે ?'

મેં કહ્યું, 'બધું જ સળગી ગયું છે, માત્ર હું જ બચ્યો છું.'

મિત્રએ મને તરત જ ગળે લગાવીને કહ્યું, 'બસ તો પછી, સળગ્યું જ શું છે !'

# ત્રિદલ સંસ્થા દ્વારા વિદ્યાર્થી, શિક્ષક અને શાળાના સન્માનનો વિશિષ્ટ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩૧

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય એવી ત્રિદલ સંસ્થાએ શનિવારે શિક્ષણ સાથેનો એક અનોખો કાર્યક્રમ યોજ્યો હતો. માર્ચ, ૨૦૧૬માં લેવાયેલી ગુજરાત માધ્યમિક, ઉચ્ચતર માતૃભાષા ગુજરાતી વિષયે ઉચ્ચતમ ગુણ પ્રાપ્ત કરનાર ગાંધીનગર જિલ્લાના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ તેમજ તેમને અધ્યયન કરાવનાર ગુજરાતી વિષયના શિક્ષક અને માતૃભાષા પ્રેમી જે તે શાળાઓ - ત્રણેનો સુભગ સમન્વય કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી અભિવાદન પત્ર, રોકડ પુરસ્કાર તથા પુસ્તકથી સન્માનવામાં આવ્યા ઉપરાંત ગુજરાતી વિષયના શિક્ષકોને પણ સન્માનવા સાથે શાળાનું પણ અભિવાદન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના પ્રબુદ્ધ નગરજનો, શિક્ષણવિદો તેમજ વિદ્યાર્થીઓ આ પ્રસંગે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આરાધના વિદ્યાવિહાર ખાતે પ્રાથમિક સારવાર સમજ અંગે કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૩૧

શાળા સલામતી સપ્તાહની ઉજવણી સંદર્ભે બુધવારે આરાધના વિદ્યાવિહાર, સૅક્ટર-૨૮ ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સંસ્થાની ગુજરાત શાખા દ્વારા ધોરણ-૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક સારવાર અંગે સમજ કેળવવાના હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન તંત્રનાં અધિકારી વર્ષાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. રેડક્રોસ સોસાયટીના સુપરવાઈઝર મિલાપભાઈ અને ટીમ દ્વારા પ્રાથમિક સારવાર અંગે પ્રત્યક્ષ નિદર્શન કરી વ્યક્તિ બેભાન થાય, હાડકું તૂટી જાય, ઈજા થાય ત્યારે લોહી વહેતું બંધ કરવું, ડૂબતા વ્યક્તિની બચાવ કામગીરી વગેરેની ખૂબ જ ઝીણવટપૂર્વકની માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક જવાબો પણ તેમના દ્વારા આપવામાં આવ્યા હતા.

આ ઉપરાંત શાળા સલામતી અંગે પણ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આચાર્ય વી ડી પટેલે આભારવિધિ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે જહેમત ઊઠાવી હતી.

# નર્મદા નિગમનાં બે કર્મચારીઓ નિવૃત્ત



નર્મદા નિગમ મુખ્ય કચેરીમાં ફરજ બજાવતાં લલિતાબેન એચ પટેલ, હરિશ વી ભાવસાર વયનિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ નિગમની મુખ્ય કચેરીમાં યોજવામાં આવ્યો હતો. આ વિદાય સમારોહમાં ડી ઍમ પઠાણ, વી ડી રથવી તથા અન્ય અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે નિવૃત્ત થઈ રહેલા કર્મચારીઓને શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમમાં મંથન ભટ્ટ, ભરત પટેલ, ઍચ વી સોની, એ જે પટેલ, વી કે પટેલ, ડાહ્યાભાઈ પટેલ, બેલાબેન પટેલ અને કર્મચારીગણે સહયોગ આપ્યો હતો.

# સંત મોરારિબાપુના વિશેષ આમંત્રણથી ડૉ. કેશુભાઈ દેસાઈ ક્યોટો જઈ આવ્યા


ગાંધીનગર, તા. ૩૧

જાપાનનું કાશી ગણાતા મંદિરોના નગર ક્યોટો ખાતે સંતશિરોમણી મોરારિબાપુની રામકથા 'માનસઃ સહજ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રામકથા દરમ્યાન મોરારિબાપુએ જાપાની ઝેન વિચારધારાનું પગેરું રામચરિત માનસમાં મળતું હોવાનું પ્રતિપાદિત કરી નવ દિવસ સુધી વિશાળ શ્રોતાવૃંદ સમક્ષ રામકથાનું રસપાન કરાવ્યું હતું. ગાંધીનગર નિવાસી સુપ્રસિદ્ધ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ અને શાંદાબેન દેસાઈ બાપુના વિશેષ નિમંત્રણને માન આપી આ ધર્મયાત્રામાં જોડાયાં હતાં. ડૉ. કેશુભાઈ દેસાઈએ ક્યોટોના ઈન્ટરનેશનલ કૉન્ફરન્સ હૉલની લોનમાં સાંધ્ય પ્રવચન પણ કર્યું હતું. બાપુએ એમની રચના 'બાવાને ઘેર બીજો બાવો'નો વિશેષ ઉલ્લેખ કરી ડૉ. કેશુભાઈ દેસાઈમાં ધબકતા ઝેન ફકીરની ખુદારી અને ખુમારીને બિરદાવી હતી.

રામકથા દરમ્યાન ગુજરાતી લેખક વિનોદ જોશી, તુષાર શુક્લ અને ભદ્રાયુ વછરાજાની ઉપરાંત વડિલ સારસ્વત નગીનદાસ સંઘવીનાં વ્યાખ્યાનો પણ યોજાયાં હતાં. લેખકોએ જાપાનની પ્રાચીન રાજધાની નારા તથા બૉમ્બમારામાં નષ્ટ થયેલા હિરોશીમાની પણ મુલાકાત લીધી હતી.

### વર્લ્ડ ફોટોગ્રાફી ડે પ્રસંગે

# ફોટોગ્રાફર-લેખક ક્રિસ્ટોફર સી ડોયલે નવા પુસ્તક અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરી




ગાંધીનગર, તા. ૩૧

બેસ્ટ સેલીંગ લેખક ક્રિસ્ટોફર સી ડોયલ તેના નવી નવલકથા ધ સિક્રેટ ઓફ ધ ડ્રુઈડઝ ના પ્રચાર માટે તા. ૧૯ ઓગસ્ટના રોજ અમદાવાદની મુલાકાત લીધી હતી. તે એસજી રોડ, ક્રોસવર્ડ બુક સ્ટોર ખાતે તેમના ચાહકોને પણ મળ્યા હતા.

મહાભારત ક્વેસ્ટ સિરીઝનું પુસ્તક-૨ ધ સિક્રેટ ઓફ ધ ડ્રુઈડઝ, જૂન ૨૦૧૬માં વેસ્ટલેન્ડ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું અને ક્રિસ્ટોફરની અમદાવાદ ખાતેની તેમની પ્રથમ મુલાકાત હતી.

પુસ્તક અંગે : ક્રિસ્ટોફરના પુસ્તકમાં દુનિયાની પૌરાણિક કથાઓ, દંતકથાઓ તથા તેની સાથે જોડાયેલાં મહાભારત, ઈતિહાસ અને વિજ્ઞાનનાં ચોંકાવનારાં રહસ્યોની આ બેસ્ટ પુસ્તક અંગે : ક્રિસ્ટોફરના પુસ્તકમાં દુનિયાની પૌરાણિક કથાઓ, દંતકથાઓ તથા તેની સાથે જોડાયેલાં મહાભારત, ઈતિહાસ અને વિજ્ઞાનનાં ચોંકાવનારાં રહસ્યોની આ બેસ્ટ સેલરમાં દર્શાવવામાં આવી છે.

આ સિરીઝના તેના બીજા પુસ્તક- The Secret of the Druids ઈંગ્લેન્ડ, વેલ્શ અને સ્કોટલેન્ડની સ્મારક ભૂમિમા પશ્ચાદભૂમિકામાં આકાર લે છે અને મહાભારતનાં પૌરાણિક તેમજ ભયાવહ રહસ્યો આ સ્મારકોને ડ્રુઈડ્સ, ઝુલિયસ સીઝર અને રહસ્યમય એસિરીયન રાણી સાથે જોડે છે. એસિરીયન રાણી કે જે ૪,૦૦૦ વર્ષ પહેલાંના સમયમાં વસતી હતી.

# અંતિમ શ્વાસ સુધી ગુજરાતી ભાષા માટે કામ કરનારા વિદેશી વિદ્વાન

તા. ૩૧ ઑગષ્ટના રોજ જેમનો નિર્વાણ દિવસ હતો તે ફાર્બસ સાહેબ એક એવું નામ છે જે મૂળ ગુજરાતી તો શું - ભારતીય પણ નથી. છતાં ગુજરાતી ભા,ને પોતાની માતૃભાષા જેટલું વહાલ એમણે કર્યું છે. ફાર્બસ સાહેબનું પૂરું નામ ઍલેક્ઝાન્ડર કિન્લોક ફૉર્બ્સ હતું. વતન સ્કૉટલૅન્ડમાં ઍબર્ડીન પરગણું પણ પિતા મિ. જ્હૉન ફૉર્બ્સ મિશન, લંડનમાં રહે એટલે ફાર્બસ સાહેબનો જન્મ લંડનમાં થયો. ૭ જુલાઈ, ૧૮૨૧ના રોજ લંડનમાં જન્મ્યા અને ૧૮૫૬માં ૩૧ ઑગષ્ટે મુંબઈમાં નિર્વાણ પામ્યા. તેમને કલા અને સાહિત્ય પ્રત્યે મૂળથી જ અનુરાગ હતો. તેમની મહત્ત્વાકાંક્ષા શિલ્પી થવાની હતી. શિલ્પવિદ્યાનો અભ્યાસ કરવા માટે તેઓ ઈંગ્લેન્ડના પ્રસિદ્ધ શિલ્પશાસ્ત્રી જ્યૉર્જ બાસ્સેવિની પાસે ઘણો સમય રહ્યા પરંતુ અચાનક ઈન્ડિયન સિવિલ સર્વિસમાં જોડાવાનું થયું અને પ્રથમ નિમણૂંક મુંબઈ પ્રાંતના સનદી અધિકારી તરીકે થઈ. ત્યારબાદ હિન્દુસ્તાનની ભાષાની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા અને અમદાવાદ હાઈકૉર્ટમાં જજનો હોદ્દો શોભાવ્યો. અહીં આવ્યા બાદ તેમણે ગુજરાતની સુંદર શિલ્પકલાઓ જોઈ અને તેઓ ગુજરાતના તથા ગુજરાતી ભાષાના ચાહક બની ગયા.

પચીસ વર્ષનો યુવાન ગુજરાતનાં પ્રાચીન સ્થળો, શિલાલેખો અને ઈતિહાસ ઉકેલવા અદમ્ય ઈચ્છા ધરાવે છે પરંતુ ખૂબ મુંઝાય છે. ગુજરાતી ભાષા જ આવડતી નથી. આ વ્યથા તેમને એટલી પરેશાન કરી મૂકે છે કે તેઓ અમદાવાદની અંગ્રેજી શાળાના હેડ માસ્ટર ભોગીલાલ પ્રાણવલ્લભદાસ પાસે ગુજરાતી શીખવા માંડે છે. ગુજરાતી સાહિત્યમાં અભિરુચિ જાગી ત્યારે ભોળાનાથા સારાભાઈની ભલામણથી કવિ દલપતરામને વઢવાણથી તેડાવ્યા. ૧૮૪૮ના નવેમ્બરની પહેલી તારીખે ફાર્બસ અને દલપતરામ પ્રથમ વખત મળ્યા હતા. કવિ દલપતરામના વ્યક્તિત્વ અને બુદ્ધિચાતુર્યથી તેઓ ખૂબ પ્રભાવિત થયા અને પ્રથમ મિલનમાં જ 'કવિશ્વર' કહીને બોલાવ્યા. 'શું પગાર લેશો ?' 'બસો રૂપિયા' દલપતરામ કહે છે. ફાર્બસ સાહેબ કહે, 'એટલો પગાર મહિને જે મળે છે તેમાંથી નહીં આપી શકું.' કવિ કહે, 'મેં બસો રૂપિયા વરસના કહ્યા.' અને હસાહસ... ત્યારથી અંતિમ શ્વાસ સુધી બંનેની મિત્રતાએ ગુજરાતી ભાષાને સતત સમર્થ બનાવવા પ્રયાસ કર્યો છે. બંને મિત્રોએ ગુજરાતનો પ્રવાસ આદરી હસ્તલિખિત ગ્રંથો એકત્રિત કર્યા. જૈન મુનિઓ પાસેથી પણ ફાર્બસ સાહેબે ગુજરાતના ઈતિહાસની હસ્તપ્રતો મેળવી.

સરકારી નોકરી કરતાં-કરતાં ખૂબ મહેનત કરીને ઈતિહાસના ગ્રંથોનો સંચય કર્યો. જેમાં પ્રબંધ ચિંતામણી, ભોજ પ્રબંધ, દ્રયાશ્રય, પૃથુરાજ રાસો, કુમારપાલ રાસ, રત્નમાલા, પ્રવિણ સાગર, જગદેવ પરમાર, બાબી વિલાસ, શ્રીપાલરામ, કેસર રાસ, હમીર પ્રબંધ મુખ્ય હતા. ૧૮૫૪માં ફરીવાર લંડનમાં જવાનું થયું ત્યારે ઈન્ડિયા હાઉસની લાયબ્રેરીમાંથી ગુજરાતના ઈતિહાસનું પુસ્તક શોધી રાસમાલાનું અંગ્રેજી પુસ્તક તૈયાર કર્યું. જેમાં તેમને જાતે પોતાના હાથે ચિત્રો દોરેલા.

૧૮૪૮ના ડિસેમ્બરની ૨૬ તારીખે એમણે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (અત્યારની ગુજરાત વિદ્યાસભા)ની સ્થાપના કરી. તે સોસાયટીનો ઉદ્દેશ ગુજરાતી ભાષા સાહિત્યનો ઉત્કર્ષ કરવો, ઉપયોગી જ્ઞાનનો પ્રચાર કરવો અને સામાન્ય કેળવણીની વૃધ્ધિ કરવી એ હતો. આ સોસાયટીની સ્થાપના દ્વારા તેમણે ગુજરાતના સાંસ્કૃતિક નવોત્થાનનું મંગલાચરણ કર્યું એટલું જ નહીં, પણ ગુજરાતનું પહેલું સામયિક 'અમદાવાદ વર્તમાન' પણ તેમણે જ શરૂ કર્યું, જેને બુધવારિયું પણ કહેવામાં આવતું. એકસાથે અનેક પ્રવૃત્તિઓ તેઓ કરતા. આ જ સમયે તેમણે સાદરામાં રાજકુમારોને શિક્ષણ આપતી સ્કૉટ કૉલેજ સ્થાપી જ્યાં કવિ ન્હાનાલાલ પ્રિન્સિપાલ તરીકે રહ્યા હતા.

૧૯૬૫ના માર્ચની પચીસમી તારીખે મુંબઈના કેટલાંક સુપ્રસિદ્ધ ગુજરાતીઓની સભા ફાર્બસ સાહેબના બંગલે મળે. જેમાં 'ગુજરાતી સભા' સ્થાપવાનો નિર્ણય થયો. 'ફાર્બસ ગુજરાતી સભા' માટે તેમને એટલી મમતા હતી કે માંદગીને કારણે તેમણે ઘણાં કામ છોડી દીધાં હોવા છતાં ગુજરાતી સભાની જવાબદારી છેવટ સુધી નિભાવી. માંદગી વધતી ગઈ અને મગજના



રોગનાક ારણે ૧૮૫૬ની ૩૧મી ઑગષ્ટના દિને તેમનું અવસાન થયું. પાશ્ચાત્ય સંસ્કૃતિના હોવા છતાં ગુજરાતી ભાષા સાહિત્ય માટે નિષ્ઠા અને પ્રામાણિકતાથી છેવટ સુધી અવિરત કાર્ય કરનાર ફાર્બસ સાહેબને ગુજરાતીઓના વંદન.

**- સ્વાતિ શુક્લ**